ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# સેક્ટર-૮માં કેટલાક સરકારી મકાનો સાવ ખંડેર હાલતમાં

**સેક્ટર-૮ની સરકારી શાળાની નજીક આવેલા આ મકાનો છેલ્લા ઘણા વર્ષોથી સાવ ખંડીયર હાલતમાં પડ્યા છે : અહીં અસામાજિક તત્વોનો ત્રાસ વધ્યો છે : આ મકાનો કોઈ બોર્ડ-નિગમને ફાળવવામાં આવ્યા છે કે અન્ય કોઈને તેની કોઈ જાણકારી ઉપલબ્ધ નથી**

ગાંધીનગર, તા. ૫

વીઆઈપી ગણાતા સેક્ટર-૮માં એવી કેટલીક ઈમારતો છે આ મકાનો સરકારી ઈમારતો હોય તેવુ લાગે છે. કયા કારણોસર તે સાવ અવાવરૂ છે નિયંત્રણ બોર્ડના સરકારી આવાસોની સાવ નજીક છેલ્લા ઘણા સમયથી સરકારી લાગતા જગ્યામાં આ મકાનો આવેલા છે. આ મકાનો છેલ્લા ઘણા સમયથી બીનઉપયોગી અને સાવ જે તે સમયે કોઈ બોર્ડ કે નિગમને ફાળવવામાં આવ્યા હોય તેવુ લાગે છે. પરંતુ તેનો ઉપયોગ



કરવામાં આવ્યો ન હોય તેવું લાગે છે. આ મકાનોનો કબ્જો લેવામાં જ ન આવતા વર્ષો બાદ આ મકાનો ખંડેર જેવા બની ગયા છે.

આ મકાનોના ગ્રાઉન્ડમાં તત્વોની હેરફેર હોય તેવુ લાગે છે. મકાનોની બહાર મસમોટી પાઈપોનો ઢગલો છે. વળી અહીં પાણીની પાઈપલાઈન સતત ચાલુ રહેતા અહીં કાદવ-કીચડ પણ ખુબ ફેલાયુ છે. કયા કારણોસર આ મકાનો આવા અવાવરૂ બન્યા છે તેની કોઈ જાણકારી નથી.

જે છેલ્લા ઘણા સમયથી સાવ અવાવરૂ અને ખંડીયર હાલતમાં છે. વિશાળ જગ્યામાં ફેલાયેલા તેની કોઈ જાણકારી નથી.

સેક્ટર-૮ની સરકારી શાળાની એકદમ નજીક પ્રદૂષણ બે બ્લોક અને બે ટેનામેન્ટ ટાઈપ મકાનો સાવ અવાવરૂ પડ્યા છે. ખુબજ વિશાળ અવાવરૂ જેવા પડ્યા છે. આ મકાનો ખુબ જ જૂના હોઈ તે ગમે ત્યારે પડી શકે છે. આ મકાનો ઝાડી-ઝાંખરા ઉગી ગયા છે. ખુબ જ ગંદકી અહીં ફેલાઈ છે. અવાવરૂ મકાનોમાં અસામાજિક પાણીના કનેકશનો છે જેનો ઉપયોગ આસપાસના ઝુંપડપટ્ટીમાં રહેતા લોકો કરે છે.

# અંદાજપત્રમાં પાટનગર યોજના માટે ૩૫૪ કરોડની ફાળવણી

ગાંધીનગર, તા. ૫

રાજ્ય સરકારે ગાંધીનગર કેપીટલ પ્રોજેક્ટ માટે તેના અંદાજપત્રમાં રૂ. ૩૫૪ કરોડની જોગવાઈ કરી છે. ગાંધીનગર કેપીટલ પ્રોજેક્ટની જોગવાઈમાં અગાઉના વર્ષોની તુલનામાં ઘટાડો જરૂર કરાયો છે.

રાજ્ય સરકારે નવા સદસ્ય નિવાસના નિર્માણ માટે આ વર્ષે અંદાજપત્રમાં રૂ. ૧૫ કરોડની જોગવાઈ કરી છે. આ ઉપરાંત સ્ટાફ ટ્રેનીંગ કોલેજના મજબુતીકરણ તેમજ આનુસંગિક કામગીરી માટે રૂ. ૨.૫૦ કરોડની જોગવાઈ કરી છે.

જુના સચિવાલય તરીકે ઓળખાતા જીવરાજ મહેતા ભવનના ૧ થી ૧૮ બ્લોકને પુનઃ સુસજ્જ કરવા માટે રૂ. ૧૦ કરોડ, જાહેર સ્થળોએ પાર્કિંગ માટે રૂ. ૧ કરોડ, ગટર લાઈનના અપગ્રેડેશન માટે રૂ. ૭૫ લાખ તેમજ જુદી જુદી કેટેગરીના બહુમાળી ટાવરો માટે ૧૭૪ કરોડની જંગી ફાળવણી કરી છે.

ગાંધીનગર શહેર હવે બહુમાળી ટાવરો ધરાવતુ નગર બનશે અને તેની મૂળભૂત ઓળખ સુઆયોજિત નગરની છે તે ધીમે ધીમે લુપ્ત થશે. આ વર્ષે ચ-ટાઈપના ૧૦ ટાવર અને છ-ટાઈપના ૨૦ ટાવર બનાવાવનું આયોજન કરવામાં આવ્યું છે.

માર્ગ-મકાન વિભાગ દ્વારા સે. ૧૯ના જીમખાનાના પુનઃ વિકાસ માટે પણ રૂ. ૬.૬૩ કરોડ તેમજ પાટનગર યોજનાના તેના પોતાના મકાનો માટે રૂ. ૧૩ કરોડની મહત્વની જોગવાઈ વર્ષ-૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં કરવામાં આવી છે. ગાંધીનગર શહેરમાં વિકાસની ગતિ વેગીલી બને અને તે માટે રોડ પર ડિવાઈડર બનાવવા માટે પણ રૂ. ૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર આગામી દિવસોમાં તેની નવી ઓળખ ઉભી કરશે તેમાં કોઈ બેમત નથી. ગાંધીનગરમાં સરકારી આવાસોની માંગ પણ વધી રહી છે તેથી હવે બહુમાળી ટાવરોનું નિર્માણ કરવામાં આવશે.

# જિલ્લામાં ૮ અને ૯ માર્ચના રોજ કમોસમી વરસાદની સંભાવના

**આગામી પાંચ દિવસ વાદળછાયું વાતાવરણ રહેશે**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં આગામી ૮ અને ૯ માર્ચના રોજ હળવો વરસાદ થવાની સાથે માવઠાની આગાહી કરવામાં આવી છે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન પૂર્વાનુમાન અને કૃષિ વિષયક સલાહ બુલેટીનના અંક નં. ૯૭માં આ કમોસમી વરસાદની આગાહી દર્શાવવામાં આવી છે.

તા. ૮ માર્ચના રોજ ૨ મી.મી. અને ૯મી માર્ચના રોજ ૪ મી.મી. જેટલો વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.

હવામાન પૂર્વાનુમાનમાં જણાવ્યા પ્રમાણે આગામી પાંચ દિવસમાં આકાશ અંશતઃ વાદળછાયુ રહેશે. ૮ અને ૯ માર્ચના રોજ હળવા વરસાદની શક્યતા છે.

જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૫-૩૬ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૮-૨૦ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૯ થી ૪૩ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૯ થી ૧૫ કિ.મી. પ્રતિ કલાક રહેવાની સંભાવના છે.

હળવા વરસાદની શક્યતાને લઈ પાક કાપણી માટે રાહ જોવી અને કાપણી પૂર્ણ થઈ ગયેલ હોય તો પાકની ઝૂંડણી (થ્રેસીંગ) જલ્દીથી પૂર્ણ કરી દાણાનો સંગ્રહ સુરક્ષિત સ્થળે કરવા સલાહ આપવામાં આવી છે.

# ૧૮ થી ૨૮ એપ્રિલ દરમિયાન જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પરીક્ષા યોજાશે

**૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે : તંત્ર દ્વારા પરીક્ષાને લઈ આયોજન હાથ ધરવામાં આવ્યુ : ધો. ૩ થી ૫ માં ૪૦ ગુણાંક અને ધો. ૬ થી ૮ માં ગુણાંકની પરીક્ષા લેવાશે**

ગાંધીનગર જિલ્લામાં ૧૮ એપ્રિલથી ૨૮ એપ્રિલ દરમ્યાન ધો. ૩ થી ૮ ની દ્વિતીય સત્રાંત પરીક્ષા યોજવામાં આવશે. આ સત્રાંત પરીક્ષા ખાનગી, સ્વનિર્ભર અને સરકારી શાળાઓમાં એક સાથે યોજવામાં આવશે. ૧૮ થી ૨૦ દરમ્યાન ધો. ૩ થી ૫ ૨૬ અને ૨૭ એપ્રિલે ધો. ૪ થી ૫ ની પરીક્ષા તેમજ બાકીના દિવસોમાં ધો. ૬ થી ૮ ની પરીક્ષા યોજવામાં આવશે. ધો. ૩ થી ૫ માં ગણિત, ગુજરાતી અને પર્યાવરણની પરીક્ષાઓ ૪૦ ગુણાંકની લેવામાં આવશે. ધો. ૪ અને ૫ માં હિન્દી અને અંગ્રેજી ભાષાની પરીક્ષા પણ ૪૦ ગુણાંકની રહેશે.

ધો. ૬ થી ૮ ની તમામ પરીક્ષાઓ ૮૦ ગુણાંકની લેવામાં આવશે તેમ શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે. આ અંગે ખાસ પરિપત્ર પણ કરી દેવામાં આવ્યો હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે. પરીક્ષાનો સમય ધો. ૩ થી ૫ માં બે કલાક અને ધો. ૬ થી ૮ નો સમય ૩ કલાકનો રહેશે. આ પરીક્ષાઓ દ્વિતીય સત્રના અભ્યાસક્રમને ધ્યાને રાખી યોજવામાં આવશે. ગુજરાતી (પ્રથમ ભાષા) ગણિત, વિજ્ઞાન, સા. વિજ્ઞાન પર્યાવરણ વિષયની સમાન પરીક્ષાઓ રહેશે. બાકીના વિષયોની કસોટી ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રા. શાળા પોતાની રીતે લઈ શકશે. સરકારી પ્રા. શાળાઓમાં તમામ વિષયોની સમાન કસોટી લેવામાં આવશે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ધો. ૩ અને ૪ ના વિદ્યાર્થીઓએ કસોટીપત્રમાં જ ઉત્તરો લખવાના રહેશે જ્યારે ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓએ ઉત્તરવહીમાં તેના ઉત્તારો લખવાના રહેશે. સામાજિક વિજ્ઞાન વિષયમાં નકશાઓ અને ગણિત વિષયમાં આલેખપત્રની વ્યવસ્થા જિલ્લા/મનપાએ કરવાની રહેશે. પરિણામોની ઓનલાઈન ડેટા એન્ટ્રી પણ કરવાની રહેશે.

જિલ્લામાં ધો. ૩ થી ૮ માં ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓની પરીક્ષા હોવાથી આ અંગેના આયોજનો શરૂ કરી દેવામાં આવ્યા છે તેમજ આ અંગે આચાર્યો સાથે બેઠક પણ આગામી એકાદ સપ્તાહમાં યોજવામાં આવશે.

# શહેર-જિલ્લામાં કોરોનાના ૩ કેસ નોંધાયા : ૭ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે વધુ ૩ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં બે અને ગ્રામ્ય વિસ્તારમાં એક કેસ નોંધાયો છે.

જિલ્લામાં કોરોનાની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે છુટા છવાયા કેસો મળી રહ્યા છે. આજે નોંધાયેલા ૩એ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં કલોલ તાલુકાના રાંચરડા ગામે ૨૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ કેસ સાથે ૧૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં હાલ એક હજારથી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે બે કેસ નોંધાયા છે. જેમાં એક મહિલા દર્દી છે જે ૬૦ વર્ષથી વધુ વય ધરાવે છે.

શહેરમાં આજે સે. ૨૬ અને વાવોલમાંથી એક-એક કેસ મળી આવેલ છે. આજે મળેલ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલ કેસ સહિત ૨૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

# ગુડાના ટી.પી. ૩ અને ૪ના વિસ્તારમાં દબાણ દુર કરવા ઝુંબેશ હાથ ધરાશે

**ગુડાના ચેરમેને આ વિસ્તારની મુલાકાત લઇ અધિકારીઓને જરૂરી સુચના આપી : અગાઉ સરગાસણ અને પેથાપુર વિસ્તારમાં પણ આ પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવી હતી**

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ વિકાસ કામો અને માળખાગત સુવિધાના કામોને વેગ આપવા માટે આયોજન કરાયુ છે. ગત બજેટમાં પણ ગુડા દ્વારા નવતર કાર્યયોજનાઓ હાથ ધરવા માટે નિર્ણય લેવાયો છે. જયારે ગુડા વિસ્તારમાં વિકાસ કામો ઉપરાંત રસ્તા પાણી ગટરના માળખાગત સુવિધાના કામોને વેગ આપવા માટે હાલ છેલ્લા કેટલાક સમયથી ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં રસ્તા ખોલવા સહીત દબાણો દુર કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. ગુડાના ચેરમેને ટી પી ૩ અને ટી પી ૪ ના વિસ્તારનો રાઉન્ડ લઈ આ વિસ્તારમાં પણ આ કામગીરી ટુંકમાં પુર્ણ કરી દેવા માટે સુચના આપી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગત બજેટમાં વિકાસના અનેકવિધ કામોની સાથે માળખાગત સુવિધાના કામો ઝડપથી હાથ ધરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ન્યુ ગાંધીનગરના વિવિધ વિસ્તારને અનુલક્ષી સ્ટ્રીટ લાઈટ , પાણી , ગટર લાઈન તેમજ ઉદ્યાનો અને સ્પોર્ટસ સંકુલ સહીતની કાર્યયોજનાઓ સંદર્ભે આયોજન કરાયુ છે. આ ઉપરાંત ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં સ્થિત પ્લોટસ સહીત રસ્તાઓને કબજા મુક્ત કરવા સહીત દબાણો પણ દુર કરવામાં આવી રહ્યા છે. આ અન્વયે અગાઉ પણ ગુડાના ચેરમેન ધવલ પટેલ અને કાર્યપાલક ઈજનેર વી જે શાહ સહીત ટીમે સ્થળ પર મુલાકાત લઈ રસ્તાઓ ખોલવા સહીત જગ્યાને દબાણમુક્ત કરી હતી. ગુડા વિસ્તારમાં ટી પી ૩ અને ટી પી ૪ ના વિસ્તારમાં પણ ગુડાના ચેરમેન સહીત અધિકારીઓએ આખો દિવસ રાઉન્ડ લઈ સ્થળ સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ હતુ જેના અંતે ગુડાના આ ટી પી વિસ્તારમાં આગામી ૧૫ દિવસમાં રસ્તા ખોલવા સહીત જગ્યાને કબજામુકત કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવશે. ગુડા હસ્તકના પ્લોટસ કે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં સમાવિષ્ટ વિવિધ ટી પી વિસ્તારમાં માર્ગો આસપાસ દબાણો કે અન્ય કોઈ રીતે કબજો જમાવી દેવાયો હોય તે મામલે ગુડા દ્વારા રસ્તા ખોલવાની કામગીરી ઝડપથી પુર્ણ કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. અગાઉ નગર રચના નં -૭ સરગાસણમાં પણ વિવિધ ફાઈનલ પ્લોટસના રસ્તાઓ ખોલવા માટે તેમજ દબાણો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત ગુડાના ચેરમેને નગર રચના નં -૧૬ પેથાપુરમાં પણ સત્તા મંડળના પ્લોટસના કબજા લેવા તેમજ ટી પી સ્કીમના રસ્તા ખોલવા માટે ડ્રેનેજના બાકી કામ પુર્ણ કરવા પણ સુચના આપી હતી.

# ઈલેક્ટ્રીક બસો દોડાવવા માટે ચાર્જીંગ સ્ટેશન પણ ગાંધીનગરમાં કાર્યરત કરવા રજુઆત

**અગાઉ સી.એન.જી. બાયોડીઝલ બસોનુ સંચાલન કરવાની વાત હતી, જયારે હવે ઇલેક્ટ્રીક બસો દોડાવવા આનુસંગિક વ્યવસ્થા પણ જરૂરી : સેકટરોમાં બસ સ્ટેન્ડ છે પરંતુ બસ આવતી નથી**


ગાંધીનગર તા ૫

ગાંધીનગર એસ ટી ડેપો સલામત સવારી એસ ટી અમારી એક યા બીજી રીતે હમણા ચર્ચાસ્થાને છે. ડેપો સંકુલમાં મુસાફરોની સલામતીની વાત હોય કે સુવિધાની પરંતુ ડેપોમાં આ મામલે રોજબરોજ મુલાકાતીઓમાં આક્રોશ જોવા મળે છે. ગાંધીનગર ડેપોમાંથી ઈલેક્ટ્રીક બસ દોડાવાનુ આયોજન પણ કરવામા આવી રહ્યુ છે. ત્યારે આ બસના યોગ્ય સંચાલન માટે ચાર્જીંગ સ્ટેશન પણ ગાંધીનગરમાં જ બનાવવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે. જયારે સેકટરોમાં બસ સ્ટોપ હોવાછતા હજુ ઘણાં ઠેકાણે બસ સુવિધા મળતી નથી તે મામલે રૂટોનુ સંચાલન પણ યોગ્ય રીતે થાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર એસ ટી ડેપો અસ્તિત્વમાં આવ્યા બાદ ચાર દાયકાના અંતે પણ શહેરમાં ગ્રામિણ ડેપો કાર્યરત થયુ નથી. અલબત્ત ગ્રામિણ ડેપો માટે જગ્યા ફાળવવામાં આવી હોવાછતા વર્ષોના અંતે ગ્રામ્ય વિસ્તાર માટે અલયાદી રીતે બસોનુ સંચાલન થાય તેવી વ્યવસ્થા ગોઠવાઈ નથી. ત્યારે હવે ઈલેક્ટ્રીક બસો શરૂ કરવાની યોજના હાથ ધરવામાં આવશે. ટુંકમાં જ ગાંધીનગર ડેપોને નવી ઈલેક્ટ્રીક બસો ફાળવામાં આવશે તેવો નિર્ણય પણ લેવાયો છે. ત્યારે ઈલેક્ટ્રીક બસના યોગ્ય સંચાલન માટે ગાંધીનગરમાં જ ચાર્જીંગ સ્ટેશન પણ કાર્યરત કરવામાં આવે તેવી માંગણી પણ શહેર વસાહત મહામંડળે કરી છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે જણાંવ્યુ હતુ કે અગાઉ ડેપોમાં ડબલડેકર, સી એન જી , ડિઝલ અને બાયોડીઝલ બસોનુ સંચાલન કરવા માટે પણ તબક્કાવાર નવતર આયોજન કરવામાં આવ્યા છે. પરંતુ બાયોડિઝલ બસોના સંચાલનનુ શુ થયુ તે આખી યોજના અધ્ધરતાલ હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે હવે એસ ટી બસમાં મુસાફરોની સલામતી અને સુવિધાનો મુદ્દો પણ હજુ રામભરોસે છે. આવા સંજોગોમાં એસ ટી ડેપો પાસે ડ્રાઈવર કંડકટર અને મિકેનીક સહીતનો સ્ટાફની પણ ઘટ છે. અગાઉના વર્ષોની સાપેક્ષમાં એસ ટી ડેપોને ત્રણ કન્ટ્રોલ પોઈન્ટ બંધ થયા છે. જયારે હાલ શહેર વિવિધ સેકટરોના સ્ટેન્ડ પરથી નાગરિકોને બસ સુવિધા મળતી નથી. શહેરના મુખ્ય ગ માર્ગ પર પણ લાંબા સમયથી એસ ટી બસો દોડતી નથી જયારે પથિકાશ્રમથી વાવોલ તરફ જવાના માર્ગ પર પણ બસ સ્ટેન્ડ

● અનુસંધાન પાના ૭ પર

બેસણું
સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે ક્યાં ખબર હતી...



અમારા પરિવારના મોભીશ્રી
નટવરલાલ ઈશ્વરલાલ હેડાઉ "વનવિહારી"
નું તા. ૧.૩.૨૦૨૨ ને મંગળવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદગતનું બેસણું તા. ૬.૩.૨૦૨૨ ને રવિવારના રોજ સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ વાગ્યા સુધી રાખેલ છે.
સ્થળઃ શ્રી બ્રહ્મ ભવન હોલ, વિદ્યા લાયબ્રેરી નજીક, સેકટર ૧૬, ગાંધીનગર
ગં.સ્વ. વસંતબેન ઈશ્વરલાલ જોષી ગં.સ્વ. મીનાબેન નટવરલાલ હેડાઉ
સ્વ. ભરતભાઈ ઈશ્વરલાલ જોષી
કિરણકુમાર નટવરલાલ હેડાઉ ગુલાબભાઈ ઈશ્વરલાલ જોષી
કરિશ્મા ચિરાગકુમાર જોષી પીયુષભાઈ ઈશ્વરલાલ જોષી
ચિરાગકુમાર શશીકાંતભાઈ જોષી દુષ્યંતભાઈ ઈશ્વરલાલ જોષી
પ્રવિણાબેન નવીનકુમાર પંડ્યા
સાસરીપક્ષનું બેસણું ઉપર મુજબ રાખેલ છે. લિ. દિલીપભાઈ ડાહ્યાલાલ હેડાઉ
સંપર્કઃ કિરણકુમાર હેડાઉ ૭૫૭૪૯૯૦૦૯૨
કોવીડ ગાઈડ લાઈન મુજબ માસ્ક અને સેનેટાઈઝેશન નું પાલન કરશો

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com